**:: ગોંડલ મ્હે. બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**મુ.ગોંડલ, જી.રાજકોટ. ::**

**ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન સી–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૧૬૨૬૦૩૫૫/૨૦૨૬**

**અરજદાર : હરેશભાઈ ધનાભાઈ ધોળકિયા**
રહે. હાલ– ભુણાવા, તા.ગોંડલ, જી.રાજકોટ.
(મુળ ગામ– રાજાવડલા, તા.જસદણ, જી.રાજકોટ.)

**:: વિરૂધ્ધ ::**

**સામાવાળા : શ્રી સ ર કા ર**

**બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ.**

---------------------------------------------------------------

**સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એ.એ.પઠાણ.**
**અરજદાર તરફે : વિ.વ.શ્રી ડી.એલ.પરમાર.**

---------------------------------------------------------------

**:: ORDER ::**

(૧) અરજી વંચાણે લીધી. અરજદાર તરફે રજુ મુદ્દામાલ મોબાઈલ ફોનના બીલની નકલ તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તેમજ પોલિસ અભિપ્રાય વંચાણે લીધો. વિદ્વાન એડી.પી.પી.શ્રી ને સાંભળ્યા તથા અરજદારના વિદ્વાન વકિલશ્રી ને સાંભળ્યા.

(૨) આ કામના અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવાની હાલની અરજી આપીને જણાવેલ છે કે, પોલિસે સદર કામના આરોપી નં.(૧) પાસેથી જપ્ત કરેલ મુદ્દામાલ અરજદારની માલિકી કબ્જા ભોગવટાનો મુદ્દામાલ **VIVO કંપનીનો મોબાઈલ ફોન** છે. જેનું મોડેલ **T4 LITE 5G 6/128 GB** છે અને

જેના **IMEI** નં.**863477080795343** તથા **863477080795350** છે. જે સદર મુદ્દામાલ મોબાઈલ ફોન **ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન સી–પાર્ટ ગુ.રજી.નં. ૧૧૨૧૩૦૧૬૨૬૦૩૫૫/૨૦૨૬ થી પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨)** મુજબના ગુનાના કામે પોલિસે મુદ્દામાલ તરીકે તેને કબ્જે લીધેલ તથા સદર મુદ્દામાલ મોબાઈલ ફોનના માલિક અરજદાર છે અને મુદ્દામાલ મોબાઈલ ફોન હાલમાં પોલિસ સ્ટેશનમાં પડી રહેલ છે અને પોલિસ સ્ટેશનમાં મોબાઈલ ફોન મુકવા માટે કોઈ અલાયદી વ્યવસ્થા નથી. તેમજ લાંબો સમય મુદ્દામાલ મોબાઈલ ફોન બિનવપરાશમાં પડી રહેવાથી તેની મશીનરી ખોટકાઈ જાય અને સ્પેર પાર્ટસ નકામા થઈ જાય તેમ છે. જેથી અરજદારને મોટું આર્થિક નુકશાન થવાનું સંભવ છે. તેમજ મુદ્દામાલ મોબાઈલ ફોન અરજદાર માટે રોજીંદા વપરાશનું તેમજ આજીવીકાનું સાધન છે અને અંગત ઉપયોગ માટે ખુબ જ જરૂરી છે. જેથી યોગ્ય રકમના બોન્ડ તથા યોગ્ય શરતોએ મુદ્દામાલ મોબાઈલ ફોન પરત સોંપવા માંગણી કરેલ છે.

(૩) આ કામે અરજદારની અરજી અનુસંધાને, પોલિસ અભિપ્રાય મંગાવતા ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન તરફથી લેખિત અભિપ્રાય રજુ થયેલ છે અને તેની સાથે મુદ્દામાલ રીક્વર કરેલાનું પંચનામું તથા મુદ્દામાલ પાવતી રજુ કરેલ છે. તેને ધ્યાને લેતા, પોલિસ અભિપ્રાયમાં જણાવેલ છે કે, આ કામના આરોપી નં.(૧) નાઓ પોતાના હવાલાવાળી ફોરવ્હીલ કારમાં જતા હોય, જે વાહન ઉભુ રાખી ચેક કરતા તેમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવેલ હોય, જેની સાથે આ કામના આરોપી નં.(૧) પાસેથી સદર મુદ્દામાલ મોબાઈલ ફોન કબ્જે થયેલ હોય અને આ કામના આરોપી નં.(૧) પાસેથી મળી આવેલ હોય જેથી હાલના અરજદારને મુદ્દામાલ મોબાઈલ ફોન નામદાર કોર્ટની શરતોને આધિન પરત કરવાનો અભિપ્રાય થતો નથી. વધુમાં, સરકાર પક્ષેથી વિદ્વાન એડી.પી.પી.શ્રી એ પણ હાલનો મુદ્દામાલ મોબાઈલ ફોન પોલિસના અભિપ્રાય મુજબ માલિકીનો આધાર પુરાવો જોઈ, તપાસીને મુદ્દામાલ સોંપવામાં આવે તો વાંધો નથી. આ કામે સદર ગુનાની તપાસના કામે તપાસ કરનાર ને મુદ્દામાલ મોબાઈલ ફોનની જરૂરીયાત હોય તેવુ જણાતુ નથી. વળી, સદર મુદ્દામાલ મોબાઈલ ફોન પંચનામું તથા મુદ્દામાલ પાવતી

કરી કબ્જે કરેલ છે. જેથી તેની ઓળખ અંગે કોઇ પ્રશ્ન પણ ઉદ્ભવવાની શક્યતા રહેલી નથી. તેમજ હાલના અરજદાર સિવાય બીજા કોઇએ તેની માંગણી કરેલી નથી. વધુમાં, જ્યારે તપાસના કામે કે બીજી રીતે મુદ્દામાલ મોબાઇલ ફોનની કોઇ જરૂરીયાત ન હોય, તે રજુઆતને ધ્યાને રાખીને હાલના તબક્કે મુદ્દામાલ મોબાઇલ ફોન સંબંધી હુકમ કરવો જરૂરી જણાય છે.

(૪) આ કામે મુદ્દામાલ મોબાઇલ ફોનની માલિકી બાબતે અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો, અરજદારે **આધાર કાર્ડની નકલ સદરહુ મુદ્દામાલ મોબાઇલ ફોનના બીલની નકલ** તથા **એફ.આઇ.આર.ની નકલ** રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, મુદ્દામાલ મોબાઇલ ફોનના માલિક અરજદાર હોવાનું ફલિત થાય છે. આ કેસની ઇન્સાફી કાર્યવાહી ચાલતા વધુ સમય લાગી શકે તેમ છે. જ્યારે અરજદાર તરફથી ઉપરોક્ત દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, મુદ્દામાલ મોબાઇલ ફોન અરજદારની માલિકીનું હોવાનું રજુ રેકર્ડ જોતા, પ્રાથમિક રીતે સ્પષ્ટ જણાઇ આવે છે. વધુમાં, સદર મુદ્દામાલ મોબાઇલ ફોન ન સોંપવાની ફરીયાદપક્ષની ઇન્સાફી કાર્યવાહીને પણ અસર થાય તેમ જણાતુ નથી.

(૫) સદર કામે અરજદારની અરજીની હકીકત તથા ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લેતા તેમજ અરજદાર તરફે મુદ્દામાલ મોબાઇલ ફોનના બીલની નકલ તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, અરજદાર મુદ્દામાલ મોબાઇલ ફોનના માલિક અને કબ્જેદાર હોવાનું પુરવાર થાય છે. જો સદર મુદ્દામાલ મોબાઇલ ફોન વચગાળાની કસ્ટડી સ્વરૂપે અરજદારને પરત સોંપવામાં નહીં આવે તો સદરહુ મુદ્દામાલ મોબાઇલ ફોન લાંબો સમય પોલિસ સ્ટેશનમાં પડી રહેવાથી તેની મશીનરી ખોટકાઇ જાય અને સ્પેર પાર્ટસ નકામા થઇ જવાથી અરજદારને મોટું આર્થિક નુકશાન થાય તેવી સંભાવના હોવાનું તથા અરજદારની આજીવીકાને અસર થવાનું ફલીત થાય છે તેવા સંજોગોમાં મુદ્દામાલ મોબાઇલ ફોન આ કામના અરજદારની માલિકીનું આવેલ હોય. વધુમાં, **૨૦૦૩(૧) જી.એલ.આર. સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, પાના નં.૩૦૭.**

– ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેતા તથા Abhay Shrenikbhai Gandhi – Applicant Versus State of Gujarat – Respondent Special Criminal Application (Possession of Muddamal) No.7108 of 2015, Decided On : 08-12-2015.

– ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેતા, The object and scheme of the various provisions of the Code appear to be that where the property which has been the subjectmatter of an offence is seized by the police, it ought not to be retained in the custody of the Court or of the police for any time longer than what is absolutely necessary. As the seizure of the property by the police amounts to a clear entrustment of the property to a Government servant, the idea is that the property should be restored to the original owner after the necessity to retain it ceases. It is manifest that there may be two stages when the property may be returned to the owner. In the first place it may be returned during any inquiry or trial. This may particularly be necessary where the property concerned is sought to speedy or natural decay. There may be other compelling reasons also which may justify the disposal of the property to the owner or otherwise in the interest of justice...

– ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં સદર પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ને ધ્યાને લેતા, કાયદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ મુદ્દામાલ તેના ખરા અને સાચા માલિકને શરતોને આધિન તેમજ જરૂરી બોન્ડ લઈને વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવામાં આવે તો, ન્યાયનો હેતુ જળવાય રહેશે તેમ આ કોર્ટનું માનવુ છે. જેથી અરજદારની અરજી મંજુર કરીને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(અ) અરજદારની **ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન સી–પાર્ટ ગુ.રજી. નં.૧૧૨૧૩૦૧૬૨૬૦૩૫૫/૨૦૨૬ થી પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨)** મુજબના કામે પોલિસે મુદ્દામાલ તરીકે કબ્જે લીધેલ **મોબાઈલ ફોન VIVO કંપનીનો T-4 LITE 6/128 GB મોબાઈલ ફોન**

છે. જેના **IMEI** નં.**863477080795343** તથા **863477080795350** છે, તે મોબાઈલ ફોન વચગાળાના સમય માટે પરત મેળવવાની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**(બ) ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન સી–પાર્ટ ગુ.રજી.નં.૧૧૨૧૩૦ ૧૬૨૬૦૩૫૫/૨૦૨૬ થી પ્રોહીબીશન એક્ટ કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬ (બી), ૯૮(૨)** મુજબના કામે પોલિસે મુદ્દામાલ તરીકે કબ્જે લીધેલ **મોબાઈલ ફોન VIVO કંપનીનો T-4 LITE 6/128 GB મોબાઈલ ફોન** છે. જેના **IMEI** નં.**863477080795343** તથા **86347708079535** છે, જેનું વર્ણન મુદ્દામાલ પાવતીમાં કરેલ છે, તેની મુદ્દામાલ પાવતીમાં જે કિંમત દર્શાવેલી છે, તે રકમથી દોઢી રકમના જામીન / બોન્ડ અરજદાર **હરેશભાઈ ધનાભાઈ ધોળકિયા, રહે. હાલ– ભુણાવા, તા.ગોંડલ, જી.રાજકોટ (મુળ ગામ– રાજાવડલા, તા.જસદણ, જી.રાજકોટ.)** નાએ કરી આપ્યેથી સદરહુ મુદ્દામાલ મોબાઈલ ફોન અરજદારને આ કેસનો આખરી નિકાલ થતા સુધી વચગાળાની કસ્ટડીથી નીચેની શરતોને આધિન પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

**:: શ ર તો ::**

(૧) કેસનો નિકાલ થતા સુધી મુદ્દામાલ મોબાઈલ ફોન કોર્ટ જ્યારે ફરમાવે ત્યારે અરજદારે સ્વખર્ચે કોર્ટમાં રજુ કરવાનો રહેશે.

(૨) કેસનો નિકાલ થતા સુધી મુદ્દામાલ મોબાઈલ ફોનનો આવા પ્રકારના કોઈપણ ગુનાહિત કૃત્યમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં, અન્યથા સદર મોબાઈલ ફોન ખાલસાની કાર્યવાહીને પાત્ર ઠરશે.

(૩) કેસનો નિકાલ થતા સુધી મુદ્દામાલ મોબાઈલ ફોનના મુળ રંગ, સ્વરૂપ કે યાંત્રીકમાં કોઈ જાતનો કાયમી સ્વરૂપનો ફેરફાર કરવો–કરાવવો નહીં.

(૪) ઉપરોક્ત શરતોને આધિન ઉપર મુજબના બોન્ડ રજુ કર્યેથી પોલિસે મુદ્દામાલ મોબાઈલ ફોનના રંગીન ફોટોગ્રાફ સહિત વિગતવારનું પંચનામું કરીને મુદ્દામાલ મોબાઈલ ફોન અરજદારને પરત સોંપી આપીને તે બાબતનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

(૫) આ બાબતના બોન્ડ અરજદારે પોલિસ સ્ટેશને આપવાના રહેશે.

(૬) પોલિસે અસલ બોન્ડ અત્રેની કોર્ટમાં તાકીદે મોકલી આપવા.

(૭) સદર મુદ્દામાલની અરજી સાથેના તમામ પેપર્સ ચાર્જશીટ રજુ થયેથી તેની સાથે સામેલ રાખવા.

- સદરહું હુકમ અંગે જરૂરી યાદી પોલિસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ–**૦૯ મી,** માહે–**જુન,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૯/૦૬/૨૦૨૬

સ્થળ : ગોંડલ.

**ઈ/ચા.** બીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ.